બેંકના ખાતાનો એટીએમ નંબર જાણી ઓનલાઈન નાણાં ઉપાડતી ગેંગનો પર્દાફાશ

હિંમતનગર, તા. ૪

ઓનલાઈન બેંકીંગ સેવા એક રીતે જોવા જઈએ તો તે ખુબજ આવકાર્ય અને સારી છે, પરંતુ કેટલાક ભેજાબાજ લોકો બેંકના અધિકારીઓના નામે ખાતેદારને ફોન કરીને તેમની પાસેથી તેમના એટીએમ કાર્ડનો નંબર જાણી લઈ પૈસા ઉપાડી લે છે ત્યારે લોકો સાયબર ક્રાઈમનો ભોગ બને છે. જે અંગે એક રહિશે પાંચેક માસ અગાઉ આ અંગેની ફરીયાદ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. જેની તપાસ એસઓજીએ કરીને મુખ્ય ભેજાબાજ અને ઝારખંડના જામતારા ગામના એક યુવાન તથા સુરતના ત્રણ મળી ચાર શખ્સોને ઝડપી લઈ વધુ તપાસ માટે હિંમતનગર લાવી કોર્ટમાં રજુ કરી સાત દિવસના રીમાન્ડ મેળવી વધુ પુછપરછ હાથ ધરી છે.

આ અંગે જિલ્લા પોલીસવડા સૌરભસિંઘે શનિવારે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે હિંતમનગરના પ્રકાશભાઈ અમરતભાઈ વાઘેલા નામના એક રહિશના મોબાઈલ નં. ૭૦૩૩૬૮૯૨૧૧ પર અજાણી વ્યક્તિએ ફોન કરીને બેંકમાંથી બોલુ છુ તેમ કહી તેમના એટીએમનો કાર્ડ નંબર તથા ગુપ્ત પાસવર્ડ જાણી લીધો હતો. ત્યારબાદ આ અજાણ્યા શખ્સે ગત તા. ૧૫-૧૦-૨૦૧૭ થી ૨૫-૧૦-૨૦૧૭ દરમ્યાન પ્રકાશભાઈના ખાતામાંથી રૂ. ૯૪૯૯૩ ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધા હતા. જે અંગે ૨૪-૧૦-૧૭ના રોજ પ્રકાશભાઈને ખબર પડતા તેમણે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

ત્યારબાદ આ અંગેની તપાસ સાબરકાંઠા એસઓજીને સોંપવામાં આવી હતી. જેમાં એસઓજીના ઈન્ચાર્જ પી.આઈ. એસ.એન. પરમારે જુદા જુદા ગેટ-વે મારફતે રૂ. ૮૪ હજારથી વધુની રકમ ટ્રાન્સફર કરી હોવાની માહિતી મેળવી આ નાણાં એમપેસા મારફતે સુરતના વરાછા વિસ્તારના વિજ ગ્રાહકોના બીલ ભરવામાં નવપરાયા હોવાનું ફલીત થયું હતું. જે આધારે એસઓજીએ સુરતના ધરમનગર, એકે રોડ, વરાછામાં રહેતા નરેન્દ્રભાઈ ઘનશ્યામભાઈ અમીપરા, નિતીનભાઈ લીંબાભાઈ ખેની (રહે. સ્વપ્નવિલા, કામરેજ, તા. સુરત) અને મુકેશભાઈ મનજીભાઈ સવાણી (રહે. પુર્વી સોસાયટી, હિરાબાગ, વરાછા રોડ, સુરત)ની અટકાયત કરી તેમની પુછપરછ કરતા આ ત્રણેય જણાએ ઓનલાઈનથી છેતરપીંડી કરી ઉપાડી લીધેલા નાણાં વિજ ગ્રાહકોના નામે તેમના બીલ પેટે ભરી દેવામાં આવતા હતા.

જોકે ગ્રાહકો પાસેથી લીધેલા નાણાં તેઓ કમીશન કાપી લઈને બાકીની કમ ઝારખંડના જામતારામાં રહેતા રણજીત મંડલ અને ટીકુ મંડલને બેંકના ખાતા મારફતે મોકલી આપતા હતા. જેમાં તેમને કમિશન મળતુ હતુ. જેથી એસઓજીની ટીમે જામતારા જઈને સ્થાનિક પોલીસની મદદ લઈ ટુકુ મંડલને ઝડપી લીધો હતો. જોકે રણજીત મંડલ પકડાયો ન હતો. પોલીસે ટીકુ મંડલ તથા સુરતના ત્રણેય શખ્સોને શુક્રવારે હિંમતનગર લાવી વધુ પુછપરછ કરવા માટે શનિવારે હિંમતનગરની કોર્ટમાં રજુ કરતા ન્યાયાધિશે સાત દિવસના રીમાન્ડ મંજુર કરતા પોલીસે વધુ પુછપરછ હાથ ધરી છે.

ઝારખંડમાં આવેલ જામતોરા અને દેવગઢ ગામમાં રહેતા અનેક લોકો છેલ્લા ઘણા સમયથી દેશના વિવિધ રાજ્યોના લોકોના બેંકના એકાઉન્ટ નંબર અને એટીએમ કાર્ડની જાણકારી મેળવી લાખ્ખો રૂપિયાની ઓનલાઈનથી નાણાં ઉપાડી છેતરપીંડી કરવામાં પાવરધા બની ગયા છે. ત્યારે નકસલવાદથી પ્રભાવીત આ વિસ્તારોમાં અન્ય રાજ્યોની પોલીસ કે વ્યક્તિ એકલદોકલ જઈ શકતી નથી એમ શનિવારે પત્રકારો સાથેની વાતચીતમાં પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

છેલ્લા ઘણા સમયથી ઓનલાઈન બેંકના ખાતામાંથી નાણાંની ઉઠાંતરી કરી છેતરપીંડી કરતા આવા શખ્સોને ખાતેદારોની માહિતી કેવી રીતે મળતી હશે. તે સમજાતુ નથી પરંતુ એવુ માનવામાં આવે છે કે આવા શખ્સો બેંકના અધિકારીને લાલચ આપી મામુલી રકમ આપીને તેમની પાસેથી અનેક બેંકોના ખાતેદારોની વિગત મેળવી લઈ બેંકના અધિકારીના નામે ફોન કરી માહિતી મેળવી લેતા હોય છે. ત્યારે પ્રજાએ પણ આવા ફોન તેમના મોબાઈલ પર આવે તો તેમની સાથે વાત કરવી નહી. અને તરત જ સ્થાનિક પોલીસને જાણ કરવી જોઈએ.

ધાનેરા નગરપાલિકામાં પ્રમુખ અને ઉપપ્રમુખે ધાનેરા નગરપાલિકાનો ચાર્જ સંભાળ્યો

ધાનેરામાં નવા ચૂંટાયેલા પ્રમુખ અને ઉપ પ્રમુખે ધાનેરા નગરપાલિકા નો ચાર્જ સાંભળતા લોકો માં ભારે ખુશી નો માહોલ જોવા મળી રહ્યો છે અને મોટી સંખ્યા માં લોકો એવા હાજર રહી નવા પ્રમુખ અને ઉપ પ્રમુખ ને શુભકામનાઓ આપી હતી.

છેલ્લા અઢી વર્ષ થી ધાનેરા નગરપાલિકા ભાજપ પાસે હતી અનવ ભાજપ ના અણઘટ સત્તાધીશો ના ત્રાસ થી ધાનેરા ની જનતા ત્રાહિમામ પોકારી ઉઠી હતી અનવ ધાનેરા ના લોકો પાણી સફાઈ અને ગંદકી જેવી અનેક સમસ્યા થી પીડાઈ રહી હતી અને પાલિકા ના સત્તાધીશો લોકો વાત સાંભળવા તૈયાર જ નહતા ત્યારે નગરપાલિકા ની ચૂંટણી માં લોકો ભાજપ ના સત્તાધીશો ને જવાબ આપી દીધો અને ખુબજ બહુમતી થઈ ધાનેરા નગરપાલિકા ની સત્તા કોંગ્રેસ ના હાથ માં આપી હતી ત્યારે આજે નગરપાલિકા ના નવા પ્રમુખ બળવંતભાઈ બારોટ અને ઉપ પ્રમુખ વસીબેન ગલચરે આજે વિધિવત પાલિકા નો ચાર્જ સાંભળ્યો છે અને ધાનેરા નગર ની જનતા

એ તેમના પર વિશ્વાસ મૂકી તેમને નગરપાલિકા ની સત્તા સોંપી તે બદલ ધાનેરા ની જનતા નો આભાર માન્યો હતો અને ધને૪આ તમામ કામો પૂર્ણ કરવાની ખાતરી આપી હતી અને ધાનેરા ના લોકો ને કોઈ જાત ની મુશ્કેલી નહીં પડે તે બાબતે પણ પૂરતું ધ્યાન રાખવાની આશા વ્યક્ત કરી હતી ધાનેરા નગરપાલિકા ના નવા પ્રમુખ અને ઉપ પમુખ દ્વારા પાલિકા ના તમામ સદસ્યો નું સાલ ઓઢાડી સન્માન કર્યું હતું અને ધાનેરા ના અગ્રણીઓ સહિત પત્રકાર મિત્રો ને પણ સાલ થી સન્માનિત કર્યા હતા આ પ્રસંગે ધનેરા ધારાસભ્ય નથાભાઈ પટેલ સહિત મોટી સંખ્યા માં લોકો હાજર રહ્યા હતા અને મોં મીઠા કરાવી પ્રમુખ ઉપ પ્રમુખ ને ખુબખુબ શુભકામના પાઠવી હતી.

મુસાફરના સ્વાંગમાં કારમાં બેસી આવેલા ત્રણ ઈસમો ૩.૩૧ લાખની લૂંટ કરી ફરાર

હિંમતનગર, તા. ૪

હિંમતનગરના મોતીપુરા સર્કલથી એક કારમાં અઠવાડીયા અગાઉ અમદાવાદ જવાનું કહીને ત્રણ અજાણ્યા ઈસમોએ કારમાં બેસી અમદાવાદ નજીક આવેલ વલાદ પાસે કારના ચાલકને અંધારાનો લાભ લઈને હથિયાર બતાવી તેની પાસેથી સોનાની વીંટી, રોકડ, મોબાઈલ અને કાર મળી રૂ.૩.૩૧ લાખની મત્તા લૂંટી લઈ ભાગી જતા આ કારના ચાલકે ગુરૂવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. આ અંગે અમદાવાદમાં રહેતા શીવપ્રસાદ સમર્તિથ રાજપુતે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ તેઓ પોતાની કાર નં. જીજે.૨૭-સી.૪૧૨૫ લઈને અમદાવાદ તરફ જઈ રહ્યા હતા ત્યારે ત્રણ અજાણ્યા ઈસમોએ મોતીપુરા સર્કલથી કારમાં બેસી અમદાવાદ જવાનું કહ્યુ હતુ. જેથી શીવપ્રસાદે આ ત્રણેય અજાણ્યા શખ્સોને કારમાં બેસાડી અમદાવાદ જતા હતા ત્યારે રસ્તામાં અંધારૂ પડી ગયુ હતુ. જેથી આ ત્રણેય ઈસમોએ કારને વલાદ નજીક ઉભી રખાવી હતી.

ત્યારબાદ તેમણે સિલ્વર કલરનું પીસ્તોલ જેવુ હથિયાર કાઢીને કાર ચાલક સામે ધરી કારને ઉભી રખાવી હતી અને ગોળી મારી દઈશ તેવી ધમકી આપતા કારચાલક ગભરાઈ ગયો હતો. ત્યારબાદ આ ત્રણેય શખ્સોએ તેમની પાસેથી સોનાની વીંટી, સોનાની રૂદ્રાક્ષની માળા, મોબાઈલ તથા રૂ. ૨.૭૫ લાખની કાર મળી અંદાજે રૂ. ૩.૩૧ લાખની મત્તાની લૂંટ કરી ચાલકનું અપહરણ કરી ભાગી ગયા હતા. જે અંગે કારના ચાલકે ત્રણેય અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

ઝાંઝરી ગામે વાત્રક નદીમાં ન્હાવા પડેલા બે યુવાનોના પાણીમાં ડુબી જવાથી મોત

બાયડ, તા. ૪

ગુજરાતનાપાટનગરથી આઘટના સ્થળ માત્રને માત્ર ૫૫

કિલોમીટર ના અંતરે આવેલુ છે.વર્ષમાં ૧૦ કરતાં વધુ વ્યકિતઓ મોતને ભેટે છે.અને આ જગ્યા પર હજુ પણ તંત્ર કેટલા લોકોના મોતની રાહ જોઈ રહી છે? બાયડ તાલુકાના ઝાંઝરી માં આવેલ વાત્રક નદીમાં અમદાવાદના શાહપુર વિસ્તારના યુવાનો નદીમાં ન્હાવા માટે ઉતર્યો હતાં ત્યારે તાઃ ૪/૪/૧૮ના બપોરના સમયગાળામાં અમદાવાદના નિલેશ પરમાર (૨૭), જીતેન્દ્ર પરમાર (૨૨) સહીત અન્ય યુવાનો નદીમાં ન્હાવા માટે ઉતર્યા હતાં. તે વખતે બંને યુવાનોને નદીમાં તરતા આવડે છે તેમ કહી તેમના મિત્રોથી થોડે દૂર નદીમાં મોટા મોટા બે થી ત્રણ ધરા આવેલા છે ત્યારે બંને જણ તે ધરા તરફ આગળ વધી રહ્યા હતાં તે સમયે ઓચીતા નિલેશ અને જીતેન્દ્ર પાણીના ધરામાં ડૂબી જતા નદીના પટ્ટ પર આવેલા પર્યટકોઓ એ આજુબાજુ માં બચાવ બચાવની મોટે મોટી બૂમો પાડતા આજુબાજુના સ્થાનિક લોકો ઘટના સ્થળે પહોંચી જઈ સ્થાનીક તરવૈયા બોલાવી નિલેશ અને જીતેન્દ્રને નદીમાંથી બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવી હતી ત્યારે બે કલાક બાદ નિલેશ અને જીતેન્દ્ર નો મૃતદેહ નદીમાંથી બહાર કાઢયો હતો.

આકોદરા નજીક બાઈક પરથી પડી જતા એકનું મોત

હિંમતનગર, તા. ૪

હિંમતનગર તાલુકાના આકોદરા નજીકથી બાઈક પર જઈ રહેલા એક ઈસમનું અચાનક પડી જવાને કારણે ગંભીર ઈજા થતા તેમનું મોત નિપજ્યુ હતુ. જે અંગેની ફરીયાદ શુક્રવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે આકોદરાના પ્રતિકકુમાર રતીલાલ પટેલે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨ માર્ચના રોજ સાંજના સુમારે બાઈક નં. જીજે.૧૩.જે.૩૪૨૨ના ચાલક સોમાભાઈ રતાભાઈ નાયકા બાઈક લઈને જઈ રહ્યા હતા ત્યારે તેમની પાછળ લાલભાઈ વેચાતભાઈ નાયકા બેઠેલા હતા. પરંતુ બાઈક ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી પુરઝડપે હંકારતા બાઈક પાછળ બેઠેલ લાલાભાઈ નાયકા જમીન પર પટકાયા હતા. જેથી ગંભીર ઈજાને કારણે તેમનું મોત નિપજ્યુ હતુ. ત્યારબાદ પ્રતિકુમાર પટેલે સોમભાઈ નાયકા અને લાલાભાઈ નાયકા વિરૂદ્ધ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

ધાનેરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ચંદ્રિકાબેન ખંડેલવાલની હોસ્પિટલમાં પાણીનો બગાડ

ધાનેરામાં પૂર્વ નગરપાલિકા પ્રમુખની હોસ્પિટલમાં ખુલ્લેઆમ પાણીનો બગાડ થઇ રહ્યો છે અને હોસ્પિટલનું પાણી રસ્તા ઉપર ફરી વળતા ધાનેરા શહેરના જાહેર માર્ગ ઉપર ગંદકી ફેલાઈ છે અને ચોમાસા જેવી સ્થિતિ જોવા મળી રહી છે. ગુજરાતમાં પાણીની તંગીને લઈ રાજ્ય સરકાર પણ મૂંઝવણ મુકાઈ છે અને ખેડૂતોના પાક પાણી વગર સુકાઈ રહ્યા છે તો બીજી તરફ સરહદી વિસ્તારના લોકો પીવાના પાણી માટે પણ વલખા મારી રહ્યા છે ત્યારે ધાનેરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ચંદ્રિકાબેન ખંડેલવાલની હોસ્પિટલમાં ખુલ્લેઆમ પાણીનો બગાડ થઈ રહ્યો છે અને હોસ્પિટલનું પાણી ધાનેરાના જાહેર માર્ગ ઉપર આવી જતા ધાનેરા ચોમાસા જેવી સ્થિતિ જોવા મળી રહી છે ત્યારે આ પૂર્વ પાલિકા પ્રમુખ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

પ્રાંતિજ ખાતે શ્રી સ્વામિનારાયણ સંસ્કાર ધામ ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે શ્રી સ્વામિનારાયણ સંસ્કાર ધામનુ ઉદ્‌ઘાટન પૂ. યજ્ઞેશ્વર સ્વામીના વરદહસ્તે યોજાયું. જેમાં પ્રાંતિજ સહિત આજુબાજુમાંથી હજારોની સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યાં હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, પ્રમુખ સ્વામી મહારાજના ચરણસ્પર્શથી પાવન થયેલી ભૂમિ પ્રાંતિજ ખાતે ગુરૂહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી સંસ્કારધામની રચના થયેલ છે. જેનું ઉદ્‌ઘાટન પૂ. યજ્ઞેશ્વર સ્વામી (સિંકંદરાબાદ) વરદહસ્તે યોજાયું હતું. પ્રાંતિજ ખાતે મૂતિ પ્રતિષ્ઠા સાથે મહાપૂજા જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. સભાનું પણ

આયોજન કરવામાં આવ્યું હતું તો સવાર સાંજ આરતી યોજાશે અને અહીં બાળસભા, યુવાસભા, મહિલાસભા સહિતના ધાર્મિક કાર્યક્રમો પણ યોજાશે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગ મંડળ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતુ. હજારોની સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહીને મૂર્તિપ્રતિષ્ઠા, મહાપૂજા, સભાનો લાભ લઈને મહાપ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી.

મોડાસાના સરૂરપુરમાં હોળી જોવાની અદાવતમાં હત્યા

મોડાસા, તા. ૪

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના સરૂરપુર ગામે શનિવારે સાંજના શુમારે ખૂની ખેલ

ખેલાયો હતો. જેમાં ૧૦ લોકોના ટોળાએ ગામના જ એક યુવક પર હોળી જોવા જેવી બાબતે અદાવત રાખી લાકડીઓ અને પથ્થરો વડે હિચકારો હુમલો કરતા યુવક ફસડાઈ તરફડીયા ખાઈ મોત નિપજતા ભારે ચકચાર મચી હતી. હુમલાખોરો હુમલો કરી ફરાર થઈ જાતા મોડાસા રૂરલ પોલીસે હત્યારાઓને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

મોડાસા તાલુકાના સરૂરપુર ગામે શનિવારે સાંજના ૬ વાગ્યાના સુમારે ગામના કાળાભાઈ જાલમભાઈ તરાર પર હોળી જોવા બાબતે અદાવત રાખી ગામના જ દસ શખ્સોએ લાકડીઓ અને પથ્થરો વડે પ્રાણઘાતક હુમલો કરતા અરવિંદ વજા ચૌહાણ અને વિક્રમ શકા ચૌહાણે લાકડીઓના ફટકા કાળાભાઈના માથાના ભાગે મારતા યુવકના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તરફડીયા ખાઈ મોતને ભેટતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી હતી. મૃતકના ભાઈ વિનુભાઈ જાલમભાઈ તરારે તેના ભાઈની ગેરકાયદેસર મંડળી રચી હત્યા કરનાર અરવિંદ વજા ચૌહાણ. વિક્રમ શકા ચૌહાણ, જીતુ શકા ચૌહાણ, કનુ વજા ચૌહાણ, રાહુલ જયંતિ ચૌહાણ, સંજય વિનુ ચૌહાણ, મેહુલ કનુ ચૌહાણ, રાહુલ રમણ પગી, મહોન રમણ પગી, હરેશ કનુ ચૌહાણ નામના ૧૦ હત્યારો સામે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા મોડાસા રૂરલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવાનની લાશને પીએમ માટે મોડાસા સરકારી દવાખાને ખસેડી હત્યાનો ગુન્હો નોંધી ફરાર આરોપીઓને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા. મોડાસા સરકારી દવાખાને મૃતકના પરિવારજનો સહીત લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા.

સરૂરપુર ગામે કાળાભાઈ જાલમભાઈ તરારની હત્યા ૧૦ શખ્સોએ હત્યા કરતા ગામમા ભયના માહોલ સાથે ભરેલા અગ્નિ જેવો માહોલ પેદા થતા પોલીસ તંત્ર દ્વારા ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સતર્ક બન્યા હતા.

સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરમાં પોલીસતંત્રની મોકડ્રીલ

વિષ્ણુ મંદિરમાં મોકડ્રિલથી અજાણ ભક્તો અને ગ્રામજનોમાં ભયનો માહોલ

શામળાજી, તા. ૪

દેશના સુપ્રસિદ્ધ યાત્રાધામ અને પ્રવાસન સ્થળો આતંકવાદીઓના હુમલાનો સોફ્ટ

ટાર્ગેટ હોવાથી અને અનેકવાર બોમ્બથી મંદિરોને બોમ્બથી ઉડાડી દેવાની ધમકીઓના પગલે રવિવારે અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર દ્વારા જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીના વિષ્ણુ મંદિરના મેનેજરની ઓફિસમાં પત્ર મૂકી અજાણ્યા ઈસમોએ બોમ્બથી ઉડાડી દેવાની ધમકીને પગલે ઈમરજન્સી સમયે આવી પડેલ આપત્કાલિન આફત સામે જીલ્લા પોલીસ તંત્ર સાબદું રહે તે માટે મોકડ્રિલ યોજી ૨ ઈસમોને પકડી લીધા હતા. મોકડ્રિલથી અજાણ ભક્તો અને શામળાજીમાં ભારે ભયનો માહોલ પેદા થયો હતો, પરંતુ સમગ્ર ઘટના પોલીસતંત્રની મોકડ્રિલ હોવાની જાણકારી પ્રાપ્ત થતા હાશકારો અનુભવ્યો હતો.

સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીના વિષ્ણુ મંદિરે રવિવારે યોજાયેલ મોકડ્રિલમાં શામળાજીમાં પોલીસ ગાડીઓના સાયરન અને પોલીસની દોડધામથી ધમધમી ઉઠ્યું હતું. મોકડ્રિલના ભાગરૂપે શામળાજીના વિષ્ણુ મંદિરના મેનેજરની ઓફિસમાં નનામા પત્રથી મંદિરને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી અંગે ટ્રસ્ટ દ્વારા જીલ્લા પોલીસતંત્રને જાણ કરતા જીલ્લા ડીવાયએસપી ફાલ્ગુનીબેન પટેલની આગેવાની હેઠળ જીલ્લા એલસીબી, એસઓજી, પેરોલ ફર્લો, બૉમ્બ સ્કવોડ અને શામળાજી પોલીસના મોટા કાફલા સાથે વિષ્ણુ મંદિરે પહોંચી મોકડ્રિલ કરતા અને મંદિર અને મંદિર પરિસર આજુબાજુ અને મંદિરમાં દર્શનાર્થે આવતા ભક્તોની તપાસ હાથ ધરી હતી અને પત્ર દ્વારા ધમકી આપનાર બે અજાણ્યા ઈસમોની ધરપકડ કરવામાં આવી હતી. આ કાર્યવાહીથી શામળાજી પંથકમાં ભારે ભયનો માહોલ પેદા થયો હતો. પોલીસ તંત્ર દ્વારા આ કામગીરી મોકડ્રિલ હોવાની જાણ કરાતા પ્રજાજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

હિન્દૂ યુવા વાહીની માલપુર દ્વારા પાણી બચાવોના નારા સાથે ગુલાલથી તિલક હોળી રમવામાં આવી

હિન્દૂ યુવા વાહીની માલપુર દ્વારા પાણી બચાવોના નારા સાથે ગુલાલથી તિલક હોળી રમવામાં આવી હતી. તેમજ સમસ્ત નવયુવાનો દ્વારા કેમિકલયુક્ત રંગોનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો તેમજ તિલક હોળી રમવાના સોગંધ લીધા હતા. જે પ્રસંગે હિન્દુ યુવાવાહીની અધ્યક્ષ હર્ષ પંડયા, મહેશ જાગડા, કલ્પેશ ભટ્ટ, પાર્થ ગોર, અક્ષય પટેલ, અતુલ પરમાર તેમજ અન્ય કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

જોટાણા તાલુકાના ગોકળપુરા ગામે નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

મહેસાણા, તા. ૪

મહેસાણા જિલ્લાના જોટાણા તાલુકાના ગોકળપુરા ગામે સરકારી સિવિલ હોસ્પિટલ તથા ગોકળપુરા ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિદાન કેમ્પમાં મેડીકલ, સર્જન, હાડકાના રોગો, સ્ત્રીરોગ, બાળકોના ડોક્ટર, દાંત, આંખ, કાન, નાક, ગળું, સ્કીન સહિતના ડોક્ટરો ઉપસ્થિત રહ્યા હતા.

ક્યારેક ઠંડી તો ક્યારેક ગરમી જેવા મોસમ ફેરના કારણે સામાન્ય રીતે લોકોમાં વિવિધ પ્રકારની બિમારીઓ ઘર કરી જતી હોય છે. તેવામાં જોટાણા તાલુકાના છેવાડાના વિસ્તારોમાં આ પરિસ્થિતિથી વાકેફ અને વિસ્તારના સક્રિય આગેવાન મુલચંદભાઈ રાણાએ સરકારી સિવિલના સહયોગથી ×સર્વ રોગ નિદાન શિબિર×નું આયોજન કર્યું હતું.

ઘરઆંગણે આરોગ્યની આવી સેવા મળતાં ગોકળપુરા ગામ સહિતા આજુબાજુ ગામના રહેવાસીઓએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. વિવિધ રોગોની તપાસ માટે આ શિબિરમાં અંદાજીત ૫૦૦ દર્દીઓ નોંધાયા હતા.

ગોકળપુરા ગામે યોજાયેલ નિદાન કેમ્પમાં સિવિલના તબીબી અધિક્ષક ડો. એમ.એમ. પ્રભાકર સહિતના સિવિલના ડોકટરો ઉપસ્થિત રહ્યા હતા.

આરોગ્ય સબંધિત જાગ્રુતિ અને વધુને વધુ લોકો આ નિદાન કેમ્પનો લાભ લે એ માટે સ્થાનિક આગેવાનો અન્ય કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

શીકા ગ્રુપ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીનો વયનિવૃત્તિ-સન્માન સમારોહ યોજાયો

ધનસુરા તાલુકાના શીકા ગામે શીકા ગ્રુપ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી રજનીકાન્તભી એમ. પટેલજીનો વયનિવૃત્તિ અને સન્માન સમારંભ પદ્મ શ્રી દેવેન્દ્ર પટેલજી, પુંસરી ગામનાં પૂર્વ સરપંચ હિમાંશુભાઈ પટેલજીની હાજરીમાં શીકા પ્રાથમિક શાળા ખાતે યોજાયો હતો.